# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

સોમવાર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬



ભારત સરકારના NBEMS દ્વારા એક્રેડિટેશન મળ્યું

# પેટલાદ સ્થિત સિવિલ હોસ્પિટલને MBBS ડીપ્લોમા કોર્ષની માન્યતા

**ભવિષ્યમાં ૨૪** કલાકની સેવાઓમાં વિશેષ સારવાર ઉપલબ્ધ થશે



તસવીર: વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ, તા.૨૭

પેટલાદમાં ૧૩૦ વર્ષ જુની અને આજની સિવિલ હોસ્પિટલ કાર્યરત છે. અહીંયા રોજેરોજ અસંખ્ય દર્દીઓને સારવાર અને સરકારી યોજનાઓનો લાભ મળે છે. આ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. હવે તાજેતરમાં આ હોસ્પિટલને ભારત સરકારના નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઈન મેડીકલ સાયન્સ નવી દિલ્હી દ્વારા પોસ્ટ MBBS ડીપ્લોમા કોર્ષ શરૂ કરવા માટે સત્તાવાર એક્રેડિટેશન મળ્યું છે. જેથી આવનાર સમયમાં અહીંયા તબીબી શિક્ષણને પ્રાધાન્ય મળવા સાથે લોકોને 24 કલાકની સેવાઓ વધુ સારી રીતે ઉપલબ્ધ થશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાયકવાડ શાસિત વડોદરા સ્ટેટમાં પેટલાદ નગરનો સમાવેશ થતો હતો. તે સમયે પેટલાદને જીલ્લા સ્તરની આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સયાજીરાવ ગાયકવાડે વર્ષ 1887માં જીલ્લા દવાખાનું શરૂ કર્યું હતુ. જો કે એ સમયે એટલે કે 130 વર્ષ પહેલાં પણ આ દવાખાનામાં સેવાઓ હોસ્પિટલ સમકક્ષ મળતી હતી. આ જીલ્લા દવાખાનું શ્રી સયાજીરાવ દ્વારા શરૂ કરવામાં આવ્યુ હોવાથી સમય જતાં તેનું નામ એસ એસ હોસ્પિટલ થયું હતું. આ જીલ્લા દવાખાનું શરૂ થયાને 60 વર્ષ બાદ વર્ષ 1947માં ભારત સ્વતંત્ર દેશ બન્યો હતો. એ પછી વડોદરા રાજ્યનું ભારતીય સંઘમાં વિલીનીકરણ થયું હતું. ઉપરાંત તા.1 મે 1949થી પેટલાદ તાલુકો તે સમયના ખેડા જિલ્લાના વહીવટ હેઠળ આવ્યો હતો. ત્યારબાદ હોસ્પિટલનું સંચાલન બોમ્બે સ્ટેટ અને તા.1 મે 1960થી ગુજરાત રાજ્યના આરોગ્યતંત્ર હેઠળ આવ્યું હતું. સમય જતાં આણંદ જિલ્લાની રચના 1997માં થયા પછી હોસ્પિટલ આણંદ જિલ્લાના આરોગ્ય વહીવટ હેઠળ આવી હતી. જે આજે તેનું સંચાલન ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા થઈ રહ્યું છે. આ હોસ્પિટલના વડા તરીકે સિવિલ સર્જન ફરજ બજાવે છે. આ 130 વર્ષની આરોગ્ય સેવાની સફર દરમ્યાન જિલ્લા દવાખાનાનું વિસ્તરણ થઈ તે આજે સંપૂર્ણ સરકારી જનરલ હોસ્પિટલ બની છે. હાલમાં તે રેફરલ હોસ્પિટલ તરીકે કાર્ય કરતી હોવાનું જાણવા મળે છે.

મળતી માહિતી મુજબ હવે પેટલાદની આ હોસ્પિટલને તાજેતરમાં નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઈન મેડિકલ સાયન્સિસ (NBEMS) નવી દિલ્હી દ્વારા Post MBBS ડિપ્લોમા કોર્સ શરૂ કરવા માટે સત્તાવાર એક્રેડિટેશન આપવામાં આવ્યું છે. આ પ્રકારની માન્યતા મેળવનારી એસએસ હોસ્પિટલ આણંદ જિલ્લાની પ્રથમ હોસ્પિટલ બની છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ કાર્યરત સ્વાયત્ત સંસ્થા NBEMS દ્વારા દેશભરની લાયક હોસ્પિટલોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા તબીબી શિક્ષણ માટે DNB, DrNB, Fellowship અને Post MBBS Diploma જેવા અભ્યાસક્રમોને એક્રેડિટેશન આપવામાં આવતું હોય છે. અહીંયા NBEMSનો Post MBBS Diploma અભ્યાસક્રમ બે વર્ષનો રહેશે. જેમાં પ્રવેશ NEET-PGની યોગ્યતા તથા કેન્દ્રીય કાઉન્સેલિંગના આધારે આપવામાં આવશે. વધુમાં હોસ્પિટલને નિયત મેડિકલ સ્પેશિયાલિટીમાં Post MBBS Diploma અભ્યાસક્રમ ચલાવવા માટે Grant of Accreditation આપવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. આ મંજૂર થયેલી સ્પેશિયાલિટી, દરેક કોર્સમાં ફાળવાયેલી બેઠકો, માન્ય ફેકલ્ટી, પ્રવેશ સત્ર, સ્ટાઈપેન્ડ, તાલીમની સુવિધાઓ તથા માન્યતાની મુદત સહિતની વિગતો હોસ્પિટલ દ્વારા આગામી સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે. આ મળેલ માન્યતા હેઠળ NBEMS દ્વારા નક્કી કરવામાં આવેલા શૈક્ષણિક, ક્લિનિકલ અને વહીવટી નિયમોનું સતત પાલન કરવાનું રહેશે. આ પ્રક્રિયાના ભાગરૂપે હોસ્પિટલે નિયત સમય મર્યાદામાં Certificate of Adherence રજૂ કરવાનું રહેશે. હોસ્પિટલમાં પૂરતી OPD-IPD કામગીરી, દર્દીઓની ઉપલબ્ધતા, નિષ્ણાત ફેકલ્ટી, જરૂરી સાધનો, ઓપરેશન થિયેટર, ઈમરજન્સી સેવા અને અભ્યાસ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ જાળવવાની જવાબદારી પણ હોસ્પિટલની રહેશે. આ કોર્સ દીઠ બે રેસિડેન્ટ ડોક્ટરો વિશેષ મળશે. આ એક્રેડિટેશનના પરિણામે મંજૂર થયેલા દરેક અભ્યાસક્રમમાં બે Post MBBS Diploma રેસિડેન્ટ ડોક્ટરોને તાલીમ માટે પ્રવેશ મળી શકશે. ઉપરાંત આ રેસિડેન્ટ ડોક્ટરો નિષ્ણાત ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલની OPD, IPD, ઈમરજન્સી, ઓપરેશન થિયેટર અને અન્ય ક્લિનિકલ સેવાઓમાં પણ કાર્ય કરશે. રેસિડેન્ટ ડોક્ટરોની ઉપલબ્ધતા વધતાં હોસ્પિટલમાં દિવસ-રાત દર્દીઓની દેખરેખ, તાત્કાલિક સારવાર, તપાસ, વોર્ડ મેનેજમેન્ટ, ફોલોઅપ વગેરે કામગીરી વધુ અસરકારક બની રહેશે. જેનો સીધો લાભ પેટલાદ શહેર સહિત તાલુકા અને જીલ્લાના અંતરિયાળ ગામોમાંથી આવતા દર્દીઓને મળવાપાત્ર રહેશે.

જેથી હવે અહીંયા MBBS Diploma અભ્યાસક્રમ શરૂ થવાથી માત્ર સારવાર આપતી હોસ્પિટલ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ અનુસ્નાતક તબીબી તાલીમ આપતી Teaching Hospital તરીકે પણ વિકાસ થશે. અહીંયા મેડિકલ શિક્ષણ શરૂ થવાથી હોસ્પિટલમાં નિયમિત શૈક્ષણિક ચર્ચા, ક્લિનિકલ કેસ પ્રેઝન્ટેશન, સેમિનાર, મેડિકલ ઓડિટ, રિસર્ચ અને આધુનિક સારવાર પદ્ધતિઓનો પણ વ્યાપ વધવાની શક્યતાઓ છે.

### ૧૩૦ વર્ષનો રસપ્રદ ઘટનાક્રમ

૧૯મી સદીનો અંત
**૧૮૮૭** - પેટલાદ જિલ્લા દવાખાનું શરૂ
**૧૯૦૧** - આસી. સિવિલ સર્જનની સેવાઓ શરૂ થઈ
**૧૯૪૯** - મુંબઈ સ્ટેટ હેઠળ વહીવટ
**૧૯૬૦** - ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળ વહીવટ
**૧૯૯૭** - નવા રચાયેલા આણંદ જિલ્લાના આરોગ્ય વહીવટ હેઠળ
**૨૦૨૫** - વિક્રમી માસિક OPD અને વિવિધ વિશેષ સારવાર સેવાઓ ઉપલબ્ધ થઈ
**૨૦૨૫-૨૬** થી ૨.૨૮ લાખથી વધુ OPD અને ૯,૦૦૦થી વધુ મેજર-માઇનોર સર્જરી
**૨૦૨૬** - ૪૨ બેડની પિડિયાટ્રીક આઈસીયુ અને આઈપીએચએલ લેબ શરૂ થઈ
**૨૦૨૬** - નવી ૧૦૦ બેડ હોસ્પિટલનું ભૂમિપૂજન થયું
અને હવે... આ જ વર્ષમાં તબીબી શિક્ષણની માન્યતા

### મહત્ત્વની સિદ્ધિ

NBEMSનું એક્રેડિટેશન મેળવવું કોઈપણ હોસ્પિટલ માટે મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સિદ્ધિ ગણાય છે. હોસ્પિટલમાં ઉપલબ્ધ દર્દીઓની સંખ્યા, ફેકલ્ટીની લાયકાત, ક્લિનિકલ સુવિધાઓ, સાધનો, લાઇબ્રેરી, શૈક્ષણિક વ્યવસ્થા અને તાલીમ માટેની ક્ષમતાની તપાસ બાદ આ પ્રકારની માન્યતા આપવામાં આવે છે. એસએસ. હોસ્પિટલને મળેલી આ માન્યતા પેટલાદ અને આણંદ જિલ્લાના જાહેર આરોગ્ય ક્ષેત્ર માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. તેનાથી સ્થાનિક સ્તરે નિષ્ણાત ડોક્ટરો તૈયાર થશે અને ભવિષ્યમાં જિલ્લાના દર્દીઓને વધુ ગુણવત્તાસભર તથા સતત તબીબી સારવાર ઉપલબ્ધ બનવાનો માર્ગ મોકળો થશે.

# નડિયાદ મનપાની સમિતિઓમાં જ્ઞાતિગત સમીકરણ સચવાયું

**પાટીદારોનો** દબદબો યથાવત રાખી ઓબીસી એસસી અને એસટી વર્ગને પૂરતું પ્રતિનિધિત્વ આપી નારાજગી ખાળવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૭

નડિયાદ મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓની રચનામાં શાસક પક્ષ દ્વારા જ્ઞાતિ બેલેન્સ જાળવવાનો સ્પષ્ટ પ્રયાસ જોવા મળ્યો છે. ચેરમેન અને વાઈસ ચેરમેન પદે કુલ 24 સભ્યોની નિમણૂક કરવામાં આવી છે જેમાં દરેક વર્ગને સાચવી લેવાયા છે. આગામી સમયની રાજકીય સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ સમુદાયોનું બેલેન્સ જાળવી આ નિમણૂકો કરાઈ હોવાનું સ્પષ્ટ થાય છે.

કુલ ૨૪ હોદ્દેદારોમાંથી અડધોઅડધ એટલે કે ૧૧ પદો પર ઓપન કેટેગરીમાંથી પાટીદાર કાઉન્સિલરોની વરણી કરવામાં આવી છે. જેમાં ભાવેશકુમાર દેસાઈ, શિલ્પનકુમાર પટેલ, ભૂમિકાબેન પટેલ, ધૃતિબેન પટેલ, હિરેનકુમાર દેસાઈ, પરેશભાઈ પટેલ, કાજલબેન પટેલ, શાનુબેન પટેલ, રીપુબેન પટેલ, નૈનેશકુમાર પટેલ અને ભાવીશાબેન પટેલનો સમાવેશ થાય છે. પાટીદારો ઉપરાંત અન્ય પછાત વર્ગ એટલે કે ઓબીસીને પણ હોદ્દાની લહાણી કરવામાં આવી છે. ઓબીસી કેટેગરીમાંથી શૈલેશકુમાર પરમાર, અમૃતભાઈ પરમાર, બાલાભાઈ ભરવાડ, સોનલબેન તળપદા, લીલાબેન પરમાર, પ્રકાશભાઈ મિસ્ત્રી, ધ્રુવ બારોટ અને બકુલભાઈ રબારીને વિવિધ સમિતિઓના ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે જવાબદારી સોંપાઈ છે. બીજી તરફ ઓપન કેટેગરીમાં સિંધી સમાજમાંથી પ્રવિણાબેન તહેલ્યાણી અને વણિક સમાજમાંથી કિન્નરીબેન શાહને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યોને પણ પાલિકાના સત્તા સ્થાનોમાં ભાગીદારી આપવામાં આવી છે. શિડ્યુલ ટ્રાઈબ આદિવાસી વર્ગમાંથી શેખર ભીલને ચેરમેન પદ અપાયું છે જ્યારે શિડ્યુલ કાસ્ટમાંથી હર્ષદભાઈ ગોહિલ અને સુનીલકુમાર સોનારાની હોદ્દેદાર તરીકે નિમણૂક કરાઈ છે.

## એલસીબી ખેડા પોલીસે ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૨૭

એલ.સી.બી. ખેડા-નડિયાદના પોલીસની ટીમ દ્વારા ડભોઈ પોલીસ સ્ટેશનના ગુનામાં નાસ્તા પડતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. આ આરોપીને નડિયાદ ટાઉન પોલીસને સોંપવામાં આવ્યો છે.

એલ.સી.બી. કચેરી ખાતે સ્ટાફના કર્મચારીઓ હાજર હતા, તે દરમિયાન બાતમી મળેલ કે વડોદરા ગ્રામ્ય જિલ્લાના ડભોઈ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં સંડોવાયેલ અને છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી તેના ઘરે નડિયાદ આવ્યો છે જેથી એલસીબી પોલીસે રેડ પાડી નાસતા ફરતા આરોપી ધ્રુવ ઉર્ફે ભગો રજનીકાંત રાવલ (રહે.મલારપુરા, તા. નડિયાદ) ને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો.આ આરોપીને અટકાયતમાં લઈ કાયદેસરની કાર્યવાહી માટે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## જીલોડ ગામની દૂધ મંડળીમાં ચાર દિ'થી દૂધ ખરીદી બંધ

**પ્રતિદીન** ૧૬૦૦ લીટર જેટલું દૂધ ભરતા પશુપાલકો માટે હવે દૂધનું વેચાણ કયા કરવું તે બાબતે વિકટ સ્થિતિ

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૭

આંકલાવ તાલુકાના જીલોડ ગામની દૂધ મંડળીમાં એકત્ર કરાતા દૂધમાં ભેળસેળ થતી હોવાના રિપોર્ટના આધારે દૂધ લેવાનું એકાએક બંધ કરાતા હવે પશુપાલકો માટે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. જીલોડમાં દૂધ મંડળી બંધ રહેવાના કારણે સભાસદો અને ગ્રામજનોએ એકત્ર થઈને વિરોધ કર્યો હતો. સભાસદોના જણાવ્યાનુસાર અમને કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવી નથી. દૂધમંડળીની ઓફિસે કોઈ નોટિસ મૂકવામાં આવી નથી. ગુરુવારે સાંજે જયારે સભાસદો દૂધ ભરવા ગયા ત્યારે દૂધ મંડળી બંધ જોતા ચોંકી ઉઠયા હતા અને કર્મચારીઓ સાથે વાત કરતા જાણવા મળ્યું હતું કે, દૂધ લેવાનું બંધ કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જીલોડમાં ૨૧૦૦ જેટલી જનસંખ્યા છે અને મોટાભાગના લોકો પશુપાલન અને ખેતી આધારિત છે. દૂધમંડળીમાં આશરે ૪૦૦ જેટલા સભાસદો છે અને એક ટંકે ૮૦૦ લીટર એમ સવાર સાંજ બન્ને ટંકનું ૧૬૦૦ લીટર જેટલું દૂધ એકત્ર થાય છે. હવે દૂધ મંડળીએ દૂધ લેવાનું બંધ કરતા પશુપાલકો માટે ૧૬૦૦ લીટર દૂધનું વેચાણ કયા કરવું તે બાબતે વિકટ સ્થિતિ સર્જાઈ છે. કેટલાક પશુપાલકો આજુબાજુના ગામડાઓની મંડળીઓમાં જઈને દૂધ ભરી રહ્યા છે તો કેટલાક સ્થાનિક બજારમાં ઓછા ભાવે દૂધ વેચવા મજબૂર બન્યા છે.

# ખાનપુરના સાંપડીયા ગામે જૂની અદાવતમાં યુવકની હત્યા

**બાકોરના** સાંપડીયા ગામે જૂની અદાવતમાં યુવકના માથાના ભાગે જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો

(પ્રતિનિધિ) ખાનપુર, તા.૨૭

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકા હેઠળ આવતા સાંપડીયા ગામના પગી ફળિયામાં જૂની અદાવત રાખી એક ૩૭ વર્ષીય પરિણીત યુવકની કરપીણ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. જૂના મનદુઃખમાં આરોપીએ યુવકને પોતાના ઘરે બોલાવી માથાના પાછળના ભાગે કોઈ મારક હથિયાર વડે ઘાતક હુમલો કરી સ્થળ પર જ મોત નીપજાવ્યું હતું. બનાવની જાણ થતાં જ બાકોર પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને મૃતકની પત્નીની ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સાંપડીયા ગામે પગી ફળિયામાં રહેતા કૈલાશબેન રાજેશભાઈ પગી (ઉં.વ. ૩૬) એ નોંધાવેલ ફરિયાદ અનુસાર, ગત તારીખ ૨૬/૦૯/૨૦૨૬ના રોજ સવારે તેમના પતિ રાજેશભાઈ પગી (ઉં.વ. ૩૭) ગામની ડેરીમાં દૂધ ભરાવવા ગયા હતા. ત્યાર બાદ સાતેક વાગ્યે પુત્ર ચિરાગને શાળાએ મૂકી મુડાવડેખ સરકારી અનાજની દુકાનેથી કરિયાણું લઈને ઘરે પરત ફર્યા હતા.

બપોરે આશરે ૩:૩૦ વાગ્યાના સુમારે બાકોર પોલીસ સ્ટેશનના અધિકારીઓ કૈલાશબેનના ઘરે આવ્યા હતા અને તેમને ગામમાં જ રહેતા સોમાભાઈ નાનાભાઈ પગીના ઘરે લઈ ગયા હતા. ત્યાં જઈને જોતા તેમના ઘરના આંગણામાં રાજેશભાઈની મોટરસાઈકલ જમીન પર પડેલી હતી અને માથાના પાછળના ભાગે ગંભીર લોહીલુહાણ હાલતમાં મૃત અવસ્થામાં પડ્યા હતા. બનાવની જાણ થતાં મૃતકના સગા-સંબંધીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

બનાવ સંદર્ભે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે બાકોર સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પત્ની કૈલાશબેનની ફરિયાદના આધારે બાકોર પોલીસે આરોપી મહેશ સોમાભાઈ પગી સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા માટે કાયદેસરની તજવીજ હાથ ધરી છે.

# કઠલાલ: ટ્રેક્ટરની અડફેટે રિક્ષામાં બેઠેલા ચાર શ્રદ્ધાળુઓના કમકમાટીભર્યા મોત

**રોંગ સાઇડમાં** બેફામ ગતિએ આવતા વાદળી રંગના ટ્રેક્ટરે રીક્ષાને ટક્કર મારતા રીક્ષા ૨ થી ૩ પલ્ટી ખાઈ ગઈ અને સર્જાયો ગમખ્વાર અકસ્માત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૭

ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર ગાડવેલ ગામ નજીક શુક્રવારે સાંજે ગણપતિ વિસર્જન કરીને પરત ફરી રહેલા યુવાનોની લોડિંગ રીક્ષા અને રોંગ સાઈડથી આવતા ટ્રેક્ટર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારા અકસ્માતમાં રીક્ષામાં સવાર 4 યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે જ્યારે અન્ય 8 જેટલા લોકોને નાની મોટી ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જીને ટ્રેક્ટર ચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો.


અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા અને મૂળ પાટણ જિલ્લાના સિદ્ધપુરના વતની વિજય ભલાભાઈ પરમાર પોતાની લોડિંગ રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે. શુક્રવારે બપોરે 2 વાગ્યાના સુમારે વિજય અને તેના અન્ય 11 મિત્રો લોડિંગ રીક્ષામાં ગણપતિ વિસર્જન માટે કઠલાલના ગંગિયાલ ગામની સીમમાં આવેલી વાત્રક નદીએ ગયા હતા. વિસર્જનની ધાર્મિક વિધિ પૂર્ણ કર્યા બાદ સાંજે 6.30 વાગ્યાની આસપાસ તમામ મિત્રો રીક્ષામાં બેસીને અમદાવાદ પરત ફરવા માટે નીકળ્યા હતા. આ સમયે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર રતનપુરથી ગાડવેલ ગામ તરફ જતા માર્ગ પર અચાનક એક કાળમુખું ટ્રેક્ટર તેમના માટે મોત બનીને આવ્યું હતું.

અમદાવાદ તરફથી રોંગ સાઈડમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક વાદળી રંગના ટ્રેક્ટરના ચાલકે વિજયની રીક્ષાને ડાબી બાજુએથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે લોડિંગ રીક્ષા રસ્તા પર 2 થી 3 પલ્ટી ખાઈ ગઈ હતી અને અંદર બેઠેલા તમામ યુવાનો રસ્તા પર ફંગોળાયા હતા. આ ભયાનક દ્રશ્ય જોઈને આસપાસના લોકો તુરંત દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. આ અકસ્માતમાં રીક્ષામાં આગળ બેઠેલા અજય મોરેશ્વર કઠાણેનું માથાના ભાગે ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક કઠલાલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

કઠલાલ સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર દરમિયાન સુકાન્ત જગબંધુ ભોઈ નામના અન્ય એક યુવાને પણ દમ તોડી દીધો હતો. વધુ ગંભીર રીતે ઘાયલ થયેલા સંજય બાબુજી ઠાકોર અને નંદલાલ વિશ્વ મહતોને અમદાવાદની નારાયણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન આ બંને યુવાનોના પણ મોત નિપજતા કુલ મૃત્યુઆંક 4 પર પહોંચ્યો છે. આ ઉપરાંત રીક્ષા ચાલક વિજય સહિત રાજેશ અક્ષય ભોઈ રજનીશ અજય પટેલ આશિષ કોદરભાઈ હાર્દિક મોતીભાઈ સિબુના ખટવા આદિત્ય બાંગુલી અને અજય ખરાટને શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી છે. સમગ્ર ઘટના અંગે કઠલાલ પોલીસે ફરાર થઈ ગયેલા અજાણ્યા ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદમાં યુવા સેવા સંકલ્પ સ્વયંસેવક અભિયાનનો શુભારંભ

**ગુજરાત પ્રદેશ** અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે પોર્ટલ લોન્ચ




(પ્રતિનિધિ) આણંદ, તા.૨૭

આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં આગવી પહેલ રૂપે 'યુવા સેવા સંકલ્પ સ્વયંસેવક' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ અભિયાન અંતર્ગત યુવાનો સરળતાથી સ્વયંસેવક તરીકે નોંધણી કરાવી શકે તે માટેની વિશેષ ઓનલાઈન રજીસ્ટ્રેશન લિંકનું લોન્ચિંગ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે કરવામાં આવ્યું હતું.

મારું આણંદ, મારું ગૌરવ - આપણે સાથે, આણંદ માટે₹ ના ઉદાત્ત મંત્ર સાથે શરૂ થયેલા આ અભિયાનનો મુખ્ય હેતુ યુવાનોમાં સમાજસેવા, કરુણા અને નાગરિક ફરજની ભાવનાને વધુ સુદ્રઢ કરવાનો છે. જિલ્લાના પ્રત્યેક યુવાનને પોતાના ઘર, ગામ અને સમાજ માટે કંઈક વિશેષ કરી છૂટવાનો એક સ્નેહપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ કાર્યક્રમ થકી યુવાનો પોતાના વ્યસ્ત દિનચર્યામાંથી થોડો સમય ફાળવીને સમાજના વંચિતો, વરિષ્ઠ નાગરિકો અને પર્યાવરણની સંભાળ રાખીને એક આદર્શ નાગરિક તરીકેની પોતાની ભૂમિકા ભજવી શકશે. આણંદ જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરી દ્વારા જિલ્લાના તમામ ઉત્સાહી, સંવેદનશીલ અને સેવાભાવી યુવાનોને આ 'વિકાસ યાત્રા' અને 'સેવા યજ્ઞ'માં વધુમાં વધુ સંખ્યામાં જોડાવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. જે યુવાનો આણંદના વિકાસમાં પોતાનું યોગદાન આપવા ઈચ્છતા હોય તેઓ વહીવટી તંત્રની અધિકૃત લિંક ananddistrict.keryar.com પર જઈને સરળતાથી પોતાની નોંધણી કરાવી શકે છે.

### યુવાનો માટે ૨૬ જેટલી વિવિધ સેવા પ્રવૃત્તિઓ નિર્ધારિત કરવામાં આવી

આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અભિયાન હેઠળ યુવાનો માટે ૨૬ જેટલી વિવિધ સેવા પ્રવૃત્તિઓ નિર્ધારિત કરવામાં આવી છે. જેમાં રક્તદાન શિબિર, અનાથાશ્રમ/વૃદ્ધાશ્રમની મુલાકાત, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, આરોગ્ય તપાસ, 'એક ગામ દત્તક લો' સેવા કાર્ય, મહિલા સ્વાસ્થ્ય, વંચિત બાળકો માટે શિક્ષણ સહાય, કેરિયર કાઉન્સેલિંગ, વરિષ્ઠ નાગરિકો માટે ડિજિટલ સાક્ષરતા, અંગદાન સંકલ્પ, નશામુક્તિ અને માર્ગ સલામતી જાગૃતિ, જળ સંરક્ષણ, સાઈબર સુરક્ષા તથા 'વોકલ ફોર લોકલ' જેવા બહુવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225